**સ્પે.દિ.મુ.નં.૧૪૩/૧૧**

## –:: આંક–૫ લગત હુકમ ::–

(૧) આ કામના વાદીએ હાલની આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી લાવી એવી દાદ માંગેલ છે કે પ્રતિવાદી નં.૪ થી ૮ કે તેમના નોકર, ચાકર કે એજન્ટ દાવાવાળી મીલકતનો બળજબરીથી કબજો લે લેવડાવે નહી કે સદર મીલકત અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, એસાઈન કે તબદીલ કરે કરાવે નહી તે મતલબના વચગાળાના મનાઈ હુકમની માંગણી હાલની અરજી લાવી કરેલ છે.

(૨) વાદીઓની હાલની અરજીની હકીકતો વંચાણે લીધી. આ ઉપરાંત આ કામના પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨/૧ અને પ્રતિવાદી નં.૨/૨ ધ્વારા રજુ કરવામાં આવેલ જવાબની હકીકતો વિચારણામાં લીધી. આ કામમાં અન્ય પ્રતિવાદીઓને પ્રોસેસોની જાહેર પ્રસિધ્ધિ વર્તમાનપત્ર મારફતે નીશાની–૨૪/૧ વાળા વર્તમાનપત્રથી કરવા છતાં તેઓએ હાજર રહેવા દરકાર કરેલ નથી અને તે રીતે આ કામ તેઓ સામે એકતરફી ચાલે છે.

(૩) આ કામે વાદીઓના વિ.વ.શ્રી કે.આર.પ્રજાપતિની મૌખીક રજુઆતો સાંભળી. આ ઉપરાંત પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી કે.એન.રાજપુતની મૌખીક રજુઆતો સાંભળી તથા પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૨ ના વિ.વ.શ્રી આર.આઈ.બ્રહમભટટની રજુઆતો સાંભળી. આ ઉપરાંત વાદીએ રજુ કરેલ દસ્તાવેજો નીશાની–૩/૧ થી ૩/૧૧ ધ્યાને લીધા તથા પ્રતિવાદી નં.૧ ધ્વારા રજુ થયેલ દસ્તાવેજો નીશાની–૪૦/૧ થી ૪૦/૩ તથા પ્રતિવાદી નં.૨/૧ તથા પ્રતિવાદી નં.૨/૨ ધ્વારા રજુ કરાયેલ દસ્તાવેજો નીશાની–૩૨/૧ થી ૩૨/૧૨ સુધીના ધ્યાને લીધા.

(૪) વાદીના વિ.વ.શ્રી કે.આર.પ્રજાપતિની મુખ્યત્વે એવી રજુઆત છે કે તેઓએ હાલની અરજીમાં જે હકીકતો જણાવેલ છે અને દાવા અરજીમાં જે હકીકતો જણાવેલ છે તે મુજબ જ રજુઆત કરેલ છે અને મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે પ્રતિવાદી નં.૯ નાએ પાવર ઓફ એટર્નીમાં દુરઉપયોગ કરી ખોટી રીતે અવેજ વગર જમીનનો વેચાણ દસ્તાવેજ હાલના વાદીઓની જાણ બહાર કરાવી નાખેલ છે અને ૧૧ વર્ષ સુધી રેવન્યુ રેકર્ડમાં તે અંગે નોંધ પડાવેલ નથી. આ ઉપરાંત તેઓએ વિશેષમાં એવી રજુઆત કરેલ છે કે અગાઉ વાદીના પિતા પાસેથી સને ૧૯૯૩ માં પટેલ નરેન્દ્રભાઈ શકરાભાઈએ સદરહુ

જમીન વેચાણ રાખવાનુ નકકી કરી તા.૨૨/૪/૯૩ ના રોજ બાનાખત લેખ કરેલ તથા પ્રતિવાદી નં.૯ ને પાવર ઓફ એટર્ની નીમતુ કુલમુખત્યારનામુ લીધેલ છે અને તા.૬/૫/૧૯૯૩ ના રોજ રૂા.૧૫,૦૦૦/– તથા તા.૧૫/૫/૧૯૯૩ ના રોજ રૂા.૧૦,૦૦૦/– નો વાદીના પિતા કાકુજી સગરામજીના નામનો અમદાવાદ ડીસ્ટ્રીકટ બેન્ક લી.નો ચેક આપેલ જે ચેક અસ્વીકાર થયેલ. જેથી તે અંગે નરેન્દ્રભાઈનો સંપર્ક કરતા હવે મંદી હોય મારે જમીન વેચાણ રાખવી નથી તેમ જણાવેલ અને ત્યારબાદ નરેન્દ્રભાઈએ પ્રતિવાદી નં.૯ ને પાવર ઓફ એટર્ની નીમતુ કુલમુખત્યારનામુ લીધેલ છે તેનો દુરઉપયોગ કરી પ્રતિવાદી નં.૧ જોગ વાદી કે પ્રતિવાદી નં.૨, ૩ ની સહી સંમતી વિના બીનઅવેજી વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ જોગ કરાવી લીધેલ છે. આ સંજોગોમાં દેખીતી રીતે પ્રતિવાદી નં.૧ જોગ વેચાણ દસ્તાવેજ મુળભુત રીતે ખોટો, બીનઅવેજી અને ગેરકાયદેસરનો છે. આ ઉપરાંત તમામ માલીકોની સહી સંમતી વિના વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે. આ સંજોગોમાં માંગણી મુજબ મનાઈ હુકમથી આ તબકકે વાદીઓને રક્ષણ આપવામાં ન આવે તો વાદીઓને નાણામાં ન આંકી શકાય તેવુ પારાવાર નુકશાન જાય તેમ છે તે સંજોગોમાં વચગાળાના મનાઈ હુકમની માંગણી મુજબ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) પ્રતિવાદી નં.૧ ના વિ.વ.શ્રી કે.એન.રાજપુતની મુખ્યત્વે એવી રજુઆત છે કે વાદીઓનો દાવો જોવામાં આવે તો તે દેખીતી રીતે સમયમર્યાદા બહાર છે. આટલો મોડો દાવો લાવવા વાદીઓને કોઈ કાયદેસરનુ કારણ ઉપસ્થિત થતુ નથી. આ ઉપરાંત યોગ્ય અને કાયદેસરની પ્રક્રિયા અનુસરીને પ્રતિવાદી નં.૧ નાએ વેચાણ દસ્તાવેજ પોતાના જોગ કરાવેલ છે. આ સંજોગોમાં વાદીઓનો દાવો કાયદેસર રીતે ચાલવાપાત્ર ન હોય રદ કરવા રજુઆત કરેલ છે.

(૬) પ્રતિવાદી નં.૨/૧ તથા ૨/૨ ના વિ.વ.શ્રી આર.આઈ.બ્રહમભટટની મુખ્યત્વે એવી રજુઆત છે કે પ્રતિવાદી નં.૨/૧ તથા ૨/૨ નાએ અલગથી આ જ વેચાણ દસ્તાવેજના રદીકરણની માંગણી સ્પે.દિ.મુ.નં.૧૪૨/૧૧ થી કરેલ છે. આ પ્રતિવાદીઓએ કોઈ પાવર ઓફ એટર્ની પણ કરી આપેલ નથી અને તેઓની સંયુકત માલીકીની જમીનનુ વેચાણ પ્રતિવાદી નં.૧ જોગના તકરારી વેચાણ દસ્તાવેજથી થઈ ગયેલ છે ત્યારે કાયદેસર રીતે જો આ તબકકે મનાઈ હુકમ વાદીઓની તરફેણમાં આપવામાં આવે તો ન્યાયનુ હિત જળવાય તેમ છે. આ સંજોગોમાં તેઓએ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૭) ઉપરોકત હકીકતોએ હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

**૧.** શુ વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

**૨.** શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીઓની તરફણેમાં છે ?

**૩.** શુ આ તબકકે મનાઈ હુકમ ન આપવાથી વાદીઓને નાણાંમાં આંકી ન શાય તેવુ નુકશાન જાય તેમ છે ?

**૪.** શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં

મુદ્દા નં.૨ હકારમાં

મુદ્દા નં.૩ હકારમાં

મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

**મુદ્દા નં.૧ થી ૩**

ઉપરોકત ત્રણેય મુદ્દાઓ પરસ્પર એકબીજા સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાના આશયથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૯) આ કામે વાદીઓએ આંક–૩ થી જે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે તેમાં નીશાની–૩/૧ જોવામાં આવે તો સને ૨૦૦૯–૧૦ સુધી કબજો ઠાકોર ડઈબેન તથા રાસંગજી સગરામજીનો હોવાનુ જણાઈ આવે છે. આ ઉપરાંત વાદીઓએ નીશાની–૩/૩ થી રજુ કરેલ દસ્તાવેજો પરથી દાવાવાળી જમીન ઠાકોર સગરામજી અભરામજીનુ તા.૧૮/૪/૧૯૮૬ ના રોજ અવસાન થવાથી વારસદારો ઠાકોર કાકુજી સગરામજી, ચુંડાજી સગરામજી તથા રાસંગજી સગરામજીના નામો દાખલ થયેલાનુ જણાઈ આવે છે. આ ઉપરાંત વાદીઓએ રજુ કરેલ નીશાની–૩/૪ ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોનંધ નં.૪૩૭ જોતા ભાઈઓ ભાગની વહેંચણી સમયે દાવાવાળી મીલકત સંયુકત માલીકીની રહેલાનુ જણાય છે. આ ઉપરાંત નીશાની–૩/૫ થી રજુ થયેલ દસ્તાવેજમાં ગામ નમુના

નં.૬ હકકપત્રકમાં અનુક્રમ નં.૫૩૯ થી ઠાકોર રાસંગથી સગરામજીનુ તા.૩૦/૧૧/૧૯૯૩ ના રોજ અવસાન થવાથી વારસદારોના નામો દાખલ થયેલ અને તેમાં ઠાકોર સુબીબેન રાસંગજી તથા ઠાકોર કનુજી રાસંગજી એટલેકે પ્રતિવાદી નં.૨/૧ તથા ૨/૨ નુ નામ પણ જે તે સમયે રેવન્યુ રેકર્ડમાં ચાલતુ હોવા છતાં પ્રતિવાદી નં.૧ જોગનો વેચાણ દસ્તાવેજ જોવામાં આવે તો તે વેચાણ દસ્તાવેજ તા.૩૦/૮/૧૯૯૬ ના રોજ કાકુજી સગરામજી, ડઈબેન રાસંગજી, મોહનજી રાસંગજી, રમેશજી રાસંગજી તથા શનાજી રાસંગજીના કુલમુખત્યાર સંજયભાઈ હરીભાઈ પટેલનાએ વેચાણ દસ્તાવેજ મમતાબેન નટવરભાઈ પટેલને રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૬૪૨ તા.૩૦/૮/૧૯૯૬ ના રોજ રૂા.૬૦,૦૦૦/– વેચાણ કિંમતમાં કરી આપેલાની નોંધ ગામ નમુના નં.૬ હકકપત્રકે ફેરફાર નોંધ નં. ૨૨૨૭ તા.૩૧/૮/૦૭ ના રોજ પડેલાનુ જણાય છે. વાદીઓએ આ દસ્તાવેજ નીશાની–૩/૭ થી રજુ કરેલાનુ જણાય છે. આ ઉપરાંત આ વેચાણ દસ્તાવેજ તા.૩૦/૮/૧૯૯૬ ના રોજ નોંધાયેલ અને ત્યારબાદ તેની ફેરફાર નોંધ તા.૩૧/૮/૨૦૦૭ એટલેકે આશરે ૧૧ વર્ષ પછી પડેલાનુ જણાઈ આવે છે. આ પરિસ્થિતી એકંદરે તકરારી નથી.

(૧૦) આ સંદર્ભે પ્રતિવાદી નં.૧ ની દલીલો વિચારણામાં લેવામાં આવે તો તેઓની રજુઆત વાદીઓનો દાવો સમયમર્યાદામાં નથી તે પ્રકારની છે. આ સામે વાદીઓનો કેસ જોવામાં આવે તો પ્રતિવાદી નં.૯ નાએ અગાઉ વેચાણ વ્યવહાર કે જે રદ થયેલ તે પાવર ઓફ એટર્નીનો દુરઉપયોગ કરી હાલના વાદીઓની જાણ બહાર વેચાણ દસ્તાવેજ કરેલાનો આક્ષેપ છે. આ ઉપરાંત બીનતકરારી રીતે પ્રતિવાદી નં.૨/૧ તથા ૨/૨ ની કોઈ સહી સંમતી વિના આ વ્યવહાર થયેલાનુ પણ જણાઈ આવે છે ત્યારે હાલના વાદીઓ કે જેઓ પ્રત્યક્ષ વેચાણ દસ્તાવેજ કરી આપનાર વ્યકિતઓ નથી. તેઓની જાણ બહાર કોઈ સત્તા અને અધીકાર વિના પ્રતિવાદી નં.૯ નાએ વેચાણ દસ્તાવેજ કરી આપેલાનો વાદીઓનો આક્ષેપ છે. આ સંજોગોમાં આ મુદ્દાઓ બાબતે રેકર્ડ પર પુરાવો નોંધ્યા વિના વાદીઓનો દાવો સમયમર્યાદામાં નથી તેવુ નિર્ણિત કરી શકાય નહી. કેસના એકંદરે ગુણદોષો ધ્યાને લેતાં વાદીઓ તથા પ્રતિવાદી નં.૨/૧ તથા ૨/૨ નાઓ જે કેસ લાવેલ છે અને નીશાની–૩/૧ માં જયારે દેખીતી રીતે સને ૧૯૯૬ બાદ ૨૦૧૦ સુધી રેવન્યુ રેકર્ડમાં વાદીઓનો કબજો જણાય છે ત્યારે હાલના વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ ગણવો યોગ્ય જણાય છે. આ ઉપરાંત પ્રતિવાદી નં.૪ થી ૮ નાઓને જાહેર સમન્સ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા છતાં તેઓએ હાજર રહેવા દરકાર કરેલ નથી

ત્યારે આ અદાલતે પ્રતિવાદી નં.૪ થી ૮ ની સામેના આક્ષેપો હાલના તબકકે માની લેવાના રહે છે. આ સંજોગોમાં કેસના કુલ લગત સંજોગો વિચારણામાં લેતાં એવુ જણાઈ આવે છે કે વાદીઓની કિંમતી જમીનનુ વેચાણ તેઓની જાણ બહાર પ્રતિવાદી નં.૧ ને થઈ ગયેલ અને ત્યારબાદ તેનુ આગળ વેચાણ પ્રતિવાદી નં.૪ થી ૮ ને પણ થઈ ગયેલ છે. આ સંજોગોમાં કેસના એકંદરે ગુણદોષો ધ્યાને લેતાં વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય. આ તબકકે મનાઈ હુકમ ન આપવાથી નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન પણ વાદીઓને જતુ હોવાનુ ગણી શકાય તથા સગવડતા અગવડતાનુ પલ્લું પણ વાદીઓની તરફેણમાં જણાય છે. આ સંજોગોમાં ઉપરોકત વિચારણાને અંતે આથી મુદ્દા નં.૧, ૨, ૩ ને હકારમાં નિર્ણિત કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

– વાદીઓની હાલની મનાઈ અરજી આથી મનાઈ અરજીના પેરા–૩(૧) મુજબ મંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદી નં.૪ થી ૮ વિરુધ્ધ ઉપરોકત પેરામાં માંગણી કરાયેલ મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે.

– અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરસે.

– આ કામમાં અદાલતે આજ રોજ મુદ્દાઓ પણ કાઢી નાખેલ હોય પક્ષકારોને દાવાના ઝડપી નિકાલ માટે યોગ્ય સહકાર આપવા આથી આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૬ માહે માર્ચ, સને–૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. કલોલ.
તા.૧૬/૩/૨૦૧૬

(પરેશ મોહનલાલ સાચાણી)
જીજે૦૦૫૭૫
પ્રિન્સિ. સીની. સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડી. મેજી., કલોલ

ડીવીપી/કલોલ